ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

સેકટર-૧૭માં શ્વાનની અંતિમયાત્રા નીકળી

ગાંધીનગર, તા.૧૭

ઘરમાં સ્વજનનુંઅવસાન થાય એટલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જાય અને જયારે સદગતની અંતિમયાત્રા નીકળે એટલે ડૂસ્કાં રોકી ના શકાય. આવા જ દશ્યો આજે સેકટર-૧૭માં એક શ્વાનના અવસાનને કારણે સર્જાયા અને તેની અંતિમયાત્રામાં પાલક પરિવારના મિત્રો, સ્વજનો અને પડોશીઓ પણ જોડાયાં હતા. આ અંતિમયાત્રા જોઈ ઘણા નગરજનોને ભારે અચરજ થવા પામી હતી.

ગાંધીનગરના સે-૧૭માં 'ચ' ટાઈપ આવાસમાં રહેતા હરીશભાઈ જોશી અને જયશ્રીબેન જોશીના પરીવારમાં એક દિકરો, દિકરી અને પુત્રવધુ ઉપરાંત એક લેબ્રેડોર જાતિની ફિમેલ ડોગી 'ગ્રેસી' પણ છેલ્લા ૧૫ વર્ષથી ઘરની સભ્ય બનીને રહેતી હતી. જયારે તે માત્ર પંદરેક દિવસની

હતી ત્યારે જ તેને લાવ્યા હતા અને પાળી હતી. સામાન્ય રીતે લેબ્રેડોર ડોગ્સની આવરદા ૯ થી ૧૧ વર્ષની હોય છે. પરંતુ જોશી પરીવારની માવજતના કારણે 'ગ્રેસી' એ ૧૫ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. આ ૧૫ વર્ષ દરમિયાન ગ્રેસી માત્ર જોશી પરિવાર જ નહી પરંતુ તેમના અડોશી-પડોશી તથા મિત્રો વગેરેમાં પણ ફેવરિટ બની ગઈ હતી કારણ કે તેને કયારેય ભસવાની ટેવ નહોતી, કયારેય કોઈને કરડી નહોતી અને ઘરનો ઉંબરો ઓળંગીને બહાર પણ નહોતી જતી.

આમ ઘરના સભ્યોની લાડકી બની ગયેલ ગ્રેસી ખૂબ સમજદાર પણ હતી એટલે ઘરમાં દિકરા કે દિકરીના લગ્નમાં પણ દરેક પ્રસંગમાં સાથે હાજર જ રહેતી. એટલે સુધી કે દિકરીના લગ્નમાં ચોરીમાં મળવા સુધ્ધાં પહોંચી ગઈ હતી. આવી પ્રેમાળ ગ્રેસીને ઉંમરના કારણે કિડની નબળી પડતાં લીવરની બિમારી થઈ અને અંતે તેનું આજે વહેલી પરોઢે અવસાન થયું હતું. ઘરના સભ્યોને તેના અવસાનથી ઘેરું દુઃખ થયું અને તેની વિધિવત વૈદિક મંત્રોચ્ચાર સાથે અંતિમક્રિયા યોજવામાં આવી અને તેની આ અંતિમયાત્રામાં ઘરના સભ્યો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયા. ગ્રેસીને ઘરની નજીક ખુલ્લી જગ્યામાં ખાડો કરી ફુલહાર કરી દફનવિધિ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે વહેલી સવારે આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક વાંદરાઓનું ઝુંડ પણ ત્યાંથી પસાર થતું હતું તે ત્યાં જ સ્થગિત થઈ ગયું અને આખી વિધિ તેમણે ભારે કુતુહલથી જોયા કરી હતી.

તબીબના કહેવા મુજબ માણસની સરેરાશ ઉંમર સાથે જો લેબ્રેડોર જાતિના શ્વાનની ઉંમરની સરખામણી કરીએ તો ગ્રેસી ૧૩૫ વર્ષ જીવી ગણાય. હાલના સંજોગોમાં જયાં માણસ માણસ વચ્ચે સંબંધોમાં અંતર વધતુ જણાય છે ત્યારે એક શ્વાન સાથે બંધાયેલા નાતાને ઘરના સભ્ય જેટલું મહત્વ અપાય તે નોંધનીય બાબત ગણી શકાય.

આઈ લવ માય ગાંધીનગર

પ્રફુલ્લાબેન ભાવસાર

ગાંધીનગર ગમે

હરિયાળી, સુંદરતા, ભક્તિભાવ, તહેવારોની ઉજવણી અને જીવંત જિંદગી માટે ગાંધીનગર ગમે છે.

નગરજનો

સ્વચ્છતા, સુઘડતા અને તહેવારોની ઉજવણીના શોખીન નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

સાહિત્ય અને શિક્ષણની પ્રવૃત્તિઓ ગમે છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા કરવામાં આવતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને પાણીના બચાવ માટે કાર્ય કરવાની જરૂર જણાય છે.

નગર માટે હું કરી શકું

ધાર્મિક, સેવાકીય કાર્યો માટે મારું પૂર્ણ યોગદાન આપવા હું સદાય તત્પર છું.

જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા ૨૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર જાગૃત પરિષદની સામાન્ય સભા તા. ૨૯ માર્ચ બુધવારે જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને બપોરના ૪.૦૦ કલાકે ગાયત્રી મંદિર હોલ સેકટર-૧ ખાતે યોજાશે. જેમાં સામાન્ય સભાના એજન્ડા મુજબ નવી કારોબારીને મંજુરી, સંસ્થાની ચૂંટણીના નવા નિયમોને મંજુરી, ૨૦૧૬-૧૭ના હિસાબોને મંજુરી અને અધ્યક્ષની મંજુરી બાદ અન્ય પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. આ સભામાં સંસ્થાના સભ્યો તેમજ રસ ધરાવતા વસાહતીઓને ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજન ઓઝાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

કલા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા રાજયમાં કલા મહાકુંભનો શુભારંભ કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં કલા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વિશેષ પ્રોત્સાહન આપવા અને નવી પ્રતિભાઓને તક આપવા 'કલા મહાકુંભ'નો શુભારંભ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયમંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ વિધાનસભા ગૃહમાં આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે અલગ અલગ ૨૮ જેટલી કલા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને આવરી લઈને મહાનગરો ઉપરાંત નાના નગરો અને ગ્રામીણ કક્ષાએ પણ કલા મહાકુંભનું આયોજન કરાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં કલા સંસ્કૃતિનું નિર્માણ થાય તે હેતુથી કલા મહાકુંભ માટે આ વર્ષે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' યોજના અંતર્ગત સાંસ્કૃતિક મહોત્સવો, વિનિમય કાર્યક્રમો, સાંસ્કૃતિક વર્કશોપ જેવી પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦૦ લાખની જોગવાઈ કરી છે.

મોટી આદરજ ગામની દાઝી ગયેલી પરિણીતાનું મોત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામે ધુળેટીના દિવસે સાંજના સમયે પરિણીતા ચુલા ઉપર રસોઈ કરી રહી હતી.તે દરમિયાન અચાનક બારીમાં પડેલું કેરોસીનનું ડબલું બિલાડીએ નીચે પાડતા ચુલામાં ભડકો થયો હતો. જેને પગલે પરિણીતા શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગઈ હતી. તેણીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવારઅર્થે ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાઈ હતી. જયા સારવાર બાદ આજે પરિણીતાનું મોત નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલ મોટી આદરજ ગામે રહેતા લીલાબેન તલાજી ઠાકોર ઉ.વ. ૨૭ ગત તા.૧૩ માર્ચના રોજ ધુળેટીના દિવસે રાત્રીના આઠ કલાકના અરસામાં પોતાના ઘરે ચુલા પર પોતાના પરિવાર માટે જમવાનું બનાવી રહ્યા હતા. તેવા સમયે અચાનક બારીમાં મુકેલું કેરોસીનનું ડબલું બિલાડીએ નીચે પાડ્યું હતું. કેરોસીન સીધું સળગી રહેલા ચુલામાં પડતા એકાએક જોરદાર ભડકો થયો હતો. જેને પગલે લીલીબેન શરીરે દાઝી ગયા હતા. અચાનક બનેલા બનાવથી આસપાસ રહેતા નાગરીકો પણ આવી પહોંચ્યા હતા. અને લીલાબેનને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લાવવામાં આવ્યા હતા. જયા સારવાર આપ્યા બાદ વધુ સારવારઅર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જયા સારવાર દરમિયાન તા.૧૭ ના રોજ લીલાબેનનું મોત નિપજયુ હતું. લીલાબેનના અચાનક અવસાનથી તેમના પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયું છે. મોટીઆદરજ ગામમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આવતીકાલથી ગુજરાત સ્ટેટ ટેક-વૉન-ડૉ ચેમ્પિયનશીપનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ટેક-વૉન-ડૉ એસોસિએશન દ્વારા તા. ૧૯મી માર્ચના રોજ સવારે ૮ કલાકે સેકટર-૧૫માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે ગુજરાત સ્ટેટ ટેક-વૉન-ડૉ ચેમ્પિયનશીપ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેમ્પિયનશીપમાં ગુજરાતભરમાંથી ટેકવૉન-ડૉના ખેલાડીઓ ઉમટી પડશે. આ ટૂર્નામેન્ટમાં ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી તથા ટેકનિકલ ડાયરેકટર જતિન દવે પણ ઉપસ્થિત રહેશે.

આજના યુગમાં હાડકાના વિવિધ દર્દો જવા કે વા, કમરનો દુઃખાવો, ખભા, ગરદન, ઘુંટણ, સાંધા વગેરેનો દુઃખાવો, ઘુંટીનો દુઃખાવો કે પછી હાડકાના ફેકચર પછીની સારવારની જરૂરિયાત વધી રહી છે. ગાંધીનગરની સે-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા સેકટર-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે તાજેતરમાં ફિઝિયોથેરેપી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના કોલેજના પ્રાધ્યાપકો ડૉ. ધ્રુવ પટેલ અને ડૉ.સુધા ચૌહાણે કોલેજની ૮ વિદ્યાર્થીનીઓ સાથે મળીને ૨૭ દર્દીઓનું ચેકઅપ કરી નિદાન-સારવારની સેવાઓ પૂરી પાડવા સાથે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

સરગાસણ રૂદ્રભુમિ ખાતે સ્વજનોના અંતિમ સંસ્કાર કરવા જુસિકા દ્વારા શબવાહીનીની સેવા ફી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં સાબરમતિ નદીના કિનારે મુકિતધામ આવેલું છે. આ અંતિમધામ જુનુ પુરાણું છે. શહેરના નાગરીકો પોતાના સ્વજનના અંતિમ સંસ્કાર માટે સે-૩૦માં જાય છે. પરંતુ શહેર જેવડું બીજું નગર નિર્માણ પામ્યું છે. ત્યારે ગુડા દ્વારા ન્યું ગાંધીનગરના રહીશોને પોતાના સ્વજનના અંતિમ સંસ્કાર માટે દુર ના જવું પડે તે માટે સરગાસણ ખાતે રૂદ્રભુમિ અંતિમધામ બનાવ્યું છે. સરગાસણ રૂદ્રભુમિ ખાતે સ્વજનોના અંતિમ સંસ્કાર માટે જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા શબવાહીની સેવા સે-૧ થી ૫ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના રહીશો માટે ફી આપવામાં આવે છે.

ગાંધીનગર શહેરનો વિકાસ બુલેટ ટ્રેનની જેમ થઈ રહ્યો છે. નગરમાં દરેક રાજયના નાગરીકો વસવાટ કરે છે. ત્યારે શહેરની વસ્તીને ધ્યાને રાખીને ગુડા દ્વારા ન્યું ગાંધીનગર ગણાતા સરગાસણ વિસ્તારમાં રૂદ્રભુમિ અંતિમધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બંન્ને મુકિતધામનું સંચાલન શહેરની સેવાભાવી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા જ કરવામાં આવે છે. શહેરના સેકટર-૩૦માં મુકિતધામ ખાતે ઘણીવાર મૃતદેહ લઈને સ્વજનોને પ્રતિક્ષા કરવી પડે છે. જયારે નવા સેકટરના રહીશોને દુર પડતુ હોવા છતા સેક-૩૦ મુકિતધામનો આગ્રહ રાખતા હોય છે. ત્યારે જુનિયર સિટીજન કાઉન્સીલ દ્વારા સરગાસણ રૂદ્રભુમિ અંતિમધામનો ઉપયોગ કરનાર સે-૧ થી ૫ ના રહીશો તેમજ ઈન્ફોસીટી, ધોળાકુવા, ઈન્દ્રોડા, શાહપુર, રાયસણ, કુડાસણ, કોબા, પોર, વિસ્તારના રહિશોના સ્વજનના મૃત્યુ બાદ અગ્નિ સંસ્કાર કરવા માટે રૂદ્રભુમિ અંતિમધામનો ઉપયોગ કરવા ફરીવાર જુસિકાએ અનુરોધ કર્યો છે.

નવજીવન ટ્રસ્ટ દ્વારા ૧૦૦ માનસિક દિવ્યાંગ બાળકોને મુંબઈ દર્શનયાત્રાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદના નવજીવન ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૮મી માર્ચ શનિવારના રોજ ૧૦૦ માનસિક દિવ્યાંગ બાળકો માટે મુંબઈ દર્શનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં બાળકોને સિદ્ધિ વિનાયક મંદિર, નહેરૂ સાયન્સ સેન્ટર, ગેટવે ઓફ ઈન્ડિયા, હેંગીગ ગાર્ડન, મહાલક્ષ્મી મંદિર, હાજીઅલી દરગાહ, જુહુ ચોપાટી તથા ફિલ્મસ્ટાર બંગ્લોઝ જેવા સ્થળોની મુલાકાત કરાવવામાં આવશે. આ ટ્રીપમાં બાળકોને સવારે ચ્હા-નાસ્તો, બપોરે લંચ તથા રાત્રે ડિનર સહિતની સુવિધા પુરી પાડવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યાત્રામાં બાળકોને મુંબઈ જતી વખતે અમદાવાદથી હવાઈ મુસાફરી દ્વારા લઈ જવાશે જયારે તા. ૧૯મીએ તેમને રેલવે દ્વારા પરત લવાશે.

સેકટર-૧૯ જીમખાના ખાતે જીમખાનામાં રમવા આવતા ખેલાડીઓ માટે અડાલજના સામુહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. વિપુલ સોનેરી તેમજ જીમખાનાના મેનેજર જે.એન.ચંપાવત તેમજ સ્વીમીંગ કોચ રાકેશ ભટ્ટ દ્વારા હઈપર ટેન્શન અને ડાયાબીટીસ જેવા રોગોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાને ગાંધીનગર કલેકટરશ્રી સતીષ પટેલ અને મેયર શ્રી પ્રવિણ પટેલે દીપ પ્રાગટય કરી કાર્યક્રમને દીપાવ્યો હતો તેમજ સીએમ સિકયુરીટીના જવાનોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

રાજયમાં ૭ નવા પુસ્તકાલયો શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૭

રાજયમાં છોટાઉદેપુર, મોડાસા, લુણાવાડા, બોટાદ, વેરાવળ, ડીસા અને દાંતા ખાતે નવા પુસ્તકાલયો શરૂ કરાશે. દેવભૂમિ દ્વારકા અને મોરબીના પુસ્તકાલયોને અપગ્રેડ કરાશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજયમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૧૨૨ સરકારી ગ્રંથાલયો અને ૩૧૭૦ જેટલા અનુદાનિત ગ્રંથાલયો કાર્યરત છે. આ તમામ અનુદાનિત ગ્રંથાલયોને હાલ મળતા વાર્ષિક અનુદાનમાં રાજય સરકારે ૫૦ ટકાનો વધારો કર્યો છે.

ગાંધીનગર, વડોદરા અને મહેસાણા ખાતેના મધ્યસ્થ ગ્રંથાલયોમાં અપ્રાપ્ય અને દુર્લભ ગ્રંથો છે. જેનું ડિજીટલાઈઝેશન કરીને ઈ-બુકસ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વડોદરા ખાતેના ૨૧૦૦૦થી વધુ દુર્લભ ગ્રંથોને ઈ-બુકસ બનાવીને લોકાર્પણ કરી દેવાયું છે.

રાંધેજા ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા ખાતેના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર દ્વારા તા.૧૫મી માર્ચે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસને અનુલક્ષીને કેશલેસ, ડિઝીટલ પેમેન્ટ તથા ગ્રાહક અધિકાર અંગે જાગૃતિ તથા તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ વિદ્યાપીઠના એનએસએસ એકમ તથા ગ્રાહક શિક્ષા અને સંશોધન સોસાયટીના સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. જેમાં રાંધેજા ગામના અગ્રણીઓ સહિત ૧૨૫ ગ્રામજનોએ ભાગ લીધો હતો.

એક દિવસીય તાલીમ વર્કશોપમાં ગ્રામ વ્યવસ્થાપન નિગમના નિયામક ડૉ. રાજીવ પટેલ, સીઈઆરસીના મુખ્ય કાર્યકારી અધિકારી તથા ટ્રસ્ટી ઉદયભાઈ મુવીન, બેંક ઓફ બરોડાના નિવૃત્ત જનરલ મેનેજર કશ્યપ વચ્છરાજાની, એસબીઆઈના નિવૃત્ત જનરલ મેનેજર ભરતભાઈ શાહ જેવા તજજ્ઞો ઉપરાંત રાંધેજા ગામના સરપંચ જસુજી પરમાર અને બેંક ઓફ બરોડાના મુખ્ય આઈટી અધિકારી મિહિરભાઈ મુંશી ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં વડાપ્રધાન પ્રેરિત કેશલેસ ઈકોનોમી, ડિઝીટલ ટ્રાન્ઝેકશન, જન ધન યોજના વગેરે સંદર્ભે ગ્રાહકોને બેંકિંગ વ્યવહાર અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. લોકેશ જૈને કર્યું હતું જયારે કાર્યક્રમના અંતમાં સીઈઆરસીના ગિરીશભાઈ શાહે આભારદર્શન વ્યકત કર્યું હતું. કાર્યક્રમમાં સરકારી યોજનાઓ અંતર્ગત મળતી સબસીડીના લાભ સીધા બેંક ખાતામાં જમા થતા હોવાથી ગ્રામજનોને ડિઝિટલ વ્યવહારો અપનાવવા પ્રેરિત કરાયા હતાં.

@ગાંધીનગર

● ગાંધીનગર સિધ્ધાર્થ લૉ કોલેજનો ૨૭મો વાર્ષિકોત્સવ સવારે ૮.૩૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

વાતવાતમાં

● શહેરમાં ઉનાળાનો પ્રારંભ થઈ જતા પાણીની માગમાં વધારો થવા પામ્યો છે. આ કારણે શહેરમાં પાણીના ટેન્કરની હેરફેર વધી ગઈ છે. પરંતુ આ ટેન્કરોમાં 'લુઝ વાલ્વ'ની બેદરકારીના કારણે રસ્તાઓ પર વેડફાતું પાણી જોઈ પર્યાવરણ પ્રેમી નગરજનો જીવ બાળી રહ્યાં છે.

● સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો દિવસેને દિવસો વધતો જઈ રહ્યો છે. દર્દીઓના વધી રહેલા ધસારાને પગલે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા વ્હીલચેર, સ્ટ્રેચર વગેરેની સંખ્યા વધારવા અંગે વિચારણા હાથ ધરવામાં આવી છે.

સે-૨ ખાતે દત્ત બાવની પાઠ કરાશે

ગાંધીનગર, તા.૧૭

રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા દત્ત બાવની પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.આ દત્ત બાવનીના પાઠ સેકટર-૨-ડી પ્લોટ નં. ૧૧૦૬ હિતેશભાઈ પંચોલીના નિવાસસ્થાને તા. ૧૯-૩-૨૦૧૭ના રવિવારે સવારે ૭.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાશે તો ગાંધીનગરના સૌ નગરજનોને લાભ લેવા રંગ અવધૂત પરિવારના પ્રમુખે જણાવ્યું છે.

સેકટર-૨૮ ખાતે રૂકમામ્બા સપ્તશતિ પાઠ કરાશે

ગાંધીનગર, તા.૧૭

રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા રૂકમામ્બા સપ્તશતિ પાઠ તા. ૨૦-૩-૨૦૧૭ના સોમવારે સાંજના ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૨૮ ગીતાંજલી એપાર્ટમેન્ટ ખાતે પ્રજ્ઞાબહેન આર. જોષીના નિવાસસ્થાને યોજાશે. તો નગરના સર્વે નગરજનોને લાભ લેવા નિમંત્રણ પ્રમુખ રંગ અવધૂત પરીવાર દ્વારા પાઠવવામાં આવ્યું છે.

ગિલ્લી-દંડા રમવા છત્તીસગઢની ટીમ ગુજરાત આવશે

ગાંધીનગર, તા.૧૭

વિસરાતી જતી ઘર આંગણાની રમતો પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ઉપરાંત ભ્રાતૃભાવ અને એકયની ભાવના વધુ બળવત્તર બને તે માટે વિશેષ મહત્વની છે. આ માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગે ગિલ્લી દંડા, સોતલીયું જેવી રમતોનું આયોજન વિચાર્યું છે.

મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' અભિયાન અંતર્ગત છત્તીસગઢથી ખેલાડીઓની ટીમ ગિલ્લી દંડા રમવા માટે ગુજરાત બોલાવવાનું આયોજન કરાઈ રહ્યું છે.

પ્રધાનમંત્રીશ્રીની 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' યોજના અંતર્ગત રમત ગમત અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો હાથ ધરાય છે.

ચિરવિદાય

● સ્વ. નટવરલાલ ભાઈશંકર વ્યાસ, ઉ.વ. ૮૩

● સ્વ. શાંતાબેન કાળીદાસ વાઘેલા, ઉ.વ. ૭૫